# શ્રાદ્ધ પરંપરા જાળવે છે, સાંસ્કૃતિક વારસો જીવંત રાખે છે

ભાદ્રપદ માસનો કૃષ્ણપક્ષ શ્રાદ્ધ પક્ષ અથવા મહાલય પક્ષ કહેવાય છે. આ દિવસો એટલે પૂર્વજો અને ઋષિમુનિઓના સ્મરણ-તર્પણના દિવસો. શ્રાદ્ધ એટલે શ્રદ્ધા ‘યત્ ક્રિયતે તત્ શ્રદ્ધા’થી અંજલિ આપવામાં આવે છે તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. જે પિતરોએ અને પૂર્વજોએ આપણા કલ્યાણ માટે ચામડી ઘસી નાખી, લોહીનું પાણી કર્યું, એ સૌનું શ્રદ્ધાથી સ્મરણ કરી તેઓ જે યોનિમાં હોય તે યોનિમાં તેઓને દુઃખ ન પડે, સુખ અને શાંતિ મળે તે માટે પિંડદાન અને તર્પણ કરવાનું.

તર્પણ કરવાનું એટલે તૃપ્ત કરવાના, સંતુષ્ટ કરવાના. જે વિચારો માટે, જે ધર્મ અને સંસ્કૃતિ માટે તેઓએ પોતાનું જીવન ખર્ચી નાખ્યું હોય તે વિચારો, ધર્મ અને તે સંસ્કૃતિ ટકાવી રાખવા આપણે પ્રયત્ન કરીએ; તેઓની આબરૂ, પ્રતિષ્ઠા વધે એવું વર્તન અને જીવન રાખીએ તો તે જરૂર તૃપ્ત થાય. રોજ દેવો, પિતૃઓ અને ઋષિઓની તૃપ્તિ રહે એવું જીવન જીવવું જોઈએ અને વર્ષમાં એક દિવસ જે પિતૃને, ઋષિને આપણે માન્યા હોય તેમના શ્રાદ્ધ નિમિત્તે આપણા જીવનનું આત્મપરીક્ષણ કરવું જોઈએ અને કેટલા આગળ ગયા તથા ક્યાં ભૂલ્યા તેનો વિચાર તટસ્થ રહીને કરવો જોઈએ.

> રોજ દેવો, પિતૃઓ અને ઋષિઓની તૃપ્તિ રહે એવું જીવન જીવવું જોઈએ અને વર્ષમાં એક દિવસ જે પિતૃને, ઋષિને આપણે માન્યા હોય તેમના શ્રાદ્ધ નિમિત્તે આપણા જીવનનું આત્મપરીક્ષણ કરવું જોઈએ

શ્રાદ્ધ પરંપરા જાળવે છે, સાંસ્કૃતિક વારસો જીવંત રાખે છે. નિસર્ગ જેને શરીરથી લઈ જાય છે તેને શ્રદ્ધામય સ્મરણ અમર બનાવે છે. કાળે જેમનો નાશ કર્યો છે પણ કર્મો અને વિચારોએ જેમને ચિરંજીવ બનાવ્યા છે એ ધર્મવીરો અને કર્મવીરોનું કૃતજ્ઞભાવે પૂજન કરી આ દિવસોમાં કૃતકૃત્ય થવાનું.

માનવજીવન વિવિધ ઋણમુક્તિ માટે છે. આપણા પર દેવોનું ઋણ છે અને ઋષિઓનું ઋણ છે. આપણો સાંસ્કૃતિક બગીચો મહેકતો અને મઘમઘતો બનાવવા માટે તથા પછીની પેઢીઓ શાંત, કલ્યાણકારી અને પવિત્ર જીવન ગાળી શકે તે માટે તેઓએ પોતાના સુખ-સગવડનું બલિદાન આપ્યું છે. આ નિઃસ્વાર્થ કર્મયોગીઓના ઋણમાંથી મુક્ત થવા આપણે શું શું કરવું જોઈએ તેનો આ પંદર દિવસમાં વિચાર કરવાનો. માણસે પણ આ ગુણોને પોતાના જીવનમાં



સાકારિત કરવાનો સંકલ્પ કરવો જોઈએ. જીવન-વિકાસ કરતો કરતો જે દેવની સમીપ જતો જાય છે, દેવનો થતો જાય છે, તે દેવ-ઋણમાંથી મુક્ત થાય છે. આ ઋણમાંથી મુક્ત થવાની ઈચ્છા રાખનારે સતત દેવના થવા તેમજ દેવ જેવા પ્રભાવાન થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શ્રાદ્ધના દિવસો એટલે ઋષિતર્પણના દિવસો. ભારતીય સંસ્કૃતિની મહાનતા, ભવ્યતા, દિવ્યતા એ ઋષિઓને આભારી છે. ભારતની આજે પણ વિશ્વમાં કિંમત થાય છે તેનું કારણ આપણા ઋષિઓ છે. ભાવિ પેઢી આનંદમય જીવન જીવે તે માટે નિરપેક્ષ ભાવે લોહીનું પાણી કરી તેમણે દિવ્ય વિચારસરણી આપી. પોતે બળીને લોકોનાં જીવનો પ્રકાશિત કર્યાં તેથી સમાજ તેમનો ઋણી છે. ઋષિઓનું ઋણ અદા કરવા ઋષિઓના વિચારોનો પ્રચાર કરવો જોઈએ. ઋષિની સંસ્કૃતિ ટકાવવા તેનો ફેલાવો કરવા પ્રયત્ન કરવો જોઈએ. જેમણે આપણને જન્મ આપ્યો, જેમની કૃપાથી આપણે નાનાથી મોટા થયા, આપણા કલ્યાણ માટે જેમણે પોતાના સ્વાર્થનો ત્યાગ કર્યો તે પિતરોનું આપણા પર ઋણ છે. આપણા પિતરોએ આપણા પર અસંખ્ય ઉપકારો કર્યા છે. કોઈ કારણવશ પિતા પોતાના નિશ્ચિત ધ્યેય સિદ્ધ ન કરી શકે તો તે સિદ્ધ કરવાની જવાબદારી પુત્રની છે.

પુત્ર આ અભિલાષા પૂર્ણ કરે તો પિતા સંતુષ્ટ થાય એ સ્વાભાવિક છે. પિતાએ આપેલા ધ્યેયને આગળ વધારે તે સંતાન. આવો પુત્ર જ પિતાનું સાચું તર્પણ કરી શકે.

-પાંડુરંગશાસ્ત્રી આઠવલે (સંસ્કૃતિ પૂજનમાંથી સાભાર)



## સપ્તાહનાં વ્રત-તહેવારો
### તા. ૧૫ થી તા. ૨૧ સપ્ટેમ્બર-૨૦૨૫

**તા. ૧૫ સોમવાર**
ભાદરવા વદ નોમ, નોમનું શ્રાધ્ધ, સૌભાગ્યવતીનું શ્રાધ્ધ,

**તા. ૧૬ મંગળવાર**
ભાદરવા વદ દશમ, દશમનું શ્રાધ્ધ,

**તા. ૧૭ બુધવાર**
ભાદરવા વદ એકાદશી, ઇંદિરા એકાદશી (કલાકંદ)

**તા. ૧૮ ગુરુવાર**
ભાદરવા વદ બારસ, બારસનું સંન્યાસીનું શ્રાધ્ધ, રેંટિયા બારસ

**તા. ૧૯ શુક્રવાર**
ભાદરવા વદ તેરસ, તેરસનું શ્રાધ્ધ, પ્રદોષ શિવરાત્રી, મઘા શ્રાધ્ધ

**તા. ૨૦ શનિવાર**
ભાદરવા વદ ચૌદશ, અસ્ત્ર-શસ્ત્ર અપમૃત્યુ પામેલાઓનું શ્રાધ્ધ

**તા. ૨૧ રવિવાર**
ભાદરા વદ અમાસ, ચૌદશ પૂનમ અમાસનું શ્રાદ્ધ સર્વપિતૃ શ્રાધ્ધ, જેમના મૃત્યુની તિથિ ખબર ન હોય તે સર્વ અમાસ તિથિ શ્રાધ્ધ, દર્શ અમાસ..ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં, મહાલય શ્રાધ્ધ પક્ષ સમાપ્ત




જીવન એક ચમત્કાર છે, જીવન એક વિસ્મય છે. બાળકની આંખોમાં રમતા વિસ્મય જેવું આ જીવન છે. આ એવું વિસ્મય જે કળી ન શકાય પણ તેનાં વિવિધ પાસાંને અનુભવી શકાય.

જીવન એક પ્રકાશનો ફુવારો છે, વીજળીનો ચમકારો છે. અજવાળાનો આવિષ્કાર છે. આ અજવાળે-ચમકારે મોતીડાં પરોવી લેવાં, કયારે અંધારું થઇ જાય કહેવાય નહીં. આજ ને આ ઘડી પૂર્ણ સત્ય છે. પછીની ઘડી અર્ધસત્ય છે અને કાલ એ કુદરતે આધીન છે.

કુદરતના નિયંત્રણ જેવું કોઇ નિયંત્રણ નથી. એના ન્યાય જેવો કોઇ ન્યાય નથી. કુદરતના જાદુ આગળ કોઈ હાથચાલાકી કે જાદુ ચાલે જ નહીં. ખરો જાદુગર એ છે. જે દેખાતો નથી પણ અનુભવાય છે. એ અગોચર, અપ્રતીમ, નિરાકાર, નિર્વિકાર, સર્વવ્યાપી અને નિઃરંજન છે. તમે જે ધારો છો તે કરાવું કે નહીં કરાવું એ તેના હાથમાં છે.

જીવન તો શ્રદ્ધાનું વાદળ છે, એ કયારે ઘેરાય અને વરસી પડે એ ખબર નથી. વરસે તો એની કૃપા પણ તમારો અફર વિશ્વાસ, દૃઢ શ્રદ્ધા એ વરસતા આશીર્વાદનો અનુભવ કરી શકે. જીવન એક દીપક છે એને જલતો રાખવો કે એમાં તેલ પૂરવું એ કોઇ બીજાના હાથમાં છે. માત્ર એનો પ્રકાશ પામવો-અનુભવવો એ તમારે હાથ છે. કયારે કોઈ ઝંઝાવાત આવે ને દીવો ઠરી જાય. ખબર નથી કે કયારે એનું તેલ ખૂટે, કહેવાય નહીં.

માટે આજનું અજવાળું તમારું છે. બસ એને માણી લો અને એ અજવાળું કરનારનો આભાર માનો.

જીવનમાં તમારા પડછાયા તમને અવરોધક ન બને તેનું ધ્યાન રાખવું. હું કંઈક લખી રહ્યો છું અને અંધારું થતું જાય છે. મારા સાથીદારે કહ્યું: આ કાગળ ઉપર તમારો જ પડછાયો પડે છે એટલે અંધારું લાગે છે. લાઈટ કરવી જરૂરી છે અને ત્યારે મનમાં ઝબકારો થયો કે, આ કેવી સરસ વાત છે. ઘણી વાર આપણો જ પડછાયો આપણને નડે છે પણ લાઈટ થાય ત્યારે એ પડછાયો નડશે નહીં. આવું જ જીવનનું છે. આપણાં કર્મોનું પરિણામ એ આપણા પડછાયા છે. આ પડછાયા આપણને નડે એમાં અજવાળાનો દોષ ન કઢાય. અજવાળું તો એનું કાર્ય કરે જ છે. એનું કર્મ અંધકાર ભગાડવાનું છે. આ અંધકાર એટલે અજ્ઞાનનો પ્રભાવ. એ જ્ઞાનના પ્રકાશથી જ દૂર થઈ શકે. એ પ્રકાશ પ્રગટે તો સાચો રસ્તો જડશે.

> ઘણી વાર આપણો જ પડછાયો આપણને નડે છે પણ લાઈટ થાય ત્યારે એ પડછાયો નડશે નહીં. આવું જ જીવનનું છે

જીવન આખરે તો સાચા રસ્તાની ખોજ છે. એ જ જીવનનું ધ્યેય અને શ્રેય છે. પરમ તત્ત્વની ખોજ, એને પામવાની ઉત્કંઠા, સાધના એ જ સત્ય છે. એ પ્રવાસમાં તમારાં કર્મોનું ભાથું સાથે રહે છે. એ સિવાય બીજું બધું નકામું છે જે પ્રવાસમાં પાછળ છોડીને જવું પડે છે. કર્મ પ્રત્યે સભાન રહેવું એ જ ખરો ધર્મ છે. ચાલો એ પ્રવાસ માટે પ્રકાશ પાથરવાની, વિસ્તારવાની જવાબદારી પ્રત્યે આજે જ સભાન બનીએ અને એ અદ્દભુત અજવાળાનો આવિષ્કાર માણીએ.

## સુવિચાર

કબૂલ કરવાની હિંમત અને સુધારી દેવાની દાનત હોય તો ભૂલમાંથી પણ ઘણું બધું શીખી શકાય છે

-----------------

મનમાં વહેમ, મગજમાં જીદ અને વાતોમાં મુકાબલો આવી જાય ત્યારે સમજી જવું કે સંબંધની હાર નિશ્ચિત છે